# અનોખો કરિયાવર!

બેટા, ગુડમોર્નિંગ! આ પત્ર વાંચતી હોય ત્યારે સવાર ન ય હોય, પણ મેં વિચાર્યું કે મારી લાડકી પરણીને ચાલી જશે પછી અમને બંનેને એકબીજા વગર ગમશે નહીં તો એનો ઉપાય શો કરવો? હું મળવા આવું કે તું આવે એવું બને, પણ એવું કેટલી વાર? મારાથી તો એમ વારંવાર અવાય નહીં, દીકરીના ઘરનું પાણી ય ન પીવાય એવી માન્યતા પાછળનું કારણ એટલું જ કે દીકરીનું કૈં લેવાય નહીં, એને તો દેવાય. લગ્નવિધિમાં પણ એનું ધ્યાન રખાયું છે. બહેનના પાલવમાં ભાઈ જવતલ આપે છે એ એક પ્રતીક છે. ભાઈએ બહેનને આપીને રાજી થવાનું. આનું કારણ એ પણ હશે કે પહેલા પિતાની પ્રોપર્ટી પર પુત્રીનો અધિકાર કાયદા દ્વારા રક્ષિત નહોતો. દીકરીઓ એવો અધિકાર માગતી પણ નહીં. આથી જ જુદા જુદા પર્વે કે પ્રસંગે દીકરીને, જમાઈને, એનાં બાળકોને, સાસરિયાંને કૈંક આપવાનો રિવાજ હતો. આજે હવે એવું નથી. દીકરીને કાયદાએ જ અધિકાર આપ્યો છે. દીકરા-દીકરી વચ્ચેનો ભેદ ભૂંસવાનો આ એક નક્કર પ્રયાસ છે, પણ હું તારા ઘેર વારંવાર ન આવું એ તો તારી મમ્મીનો જ આદેશ... એ કહે કે દીકરી નવા વાતાવરણમાં જઈને ત્યાં ગોઠવાતી હોય એ સમય કપરો છે. ઘણું છોડવું પડે, નવું સ્વીકારવું પડે. એમાં અણગમતું - હોય એને ગમાડવું પડે. આવા સમયે એનું મન આસપાસમાં આધાર શોધતું હોય.

તને ચાલતાં શીખતા વાર લાગી એના કારણમાં મમ્મી મને જવાબદાર ગણે છે. તું સહેજ ડગમગે કે હું દોડીને પાસે આવી જાઉં ને તું મારો હાથ પકડી લે. મમ્મી ખૂબ ચિડાય. કહે કે, 'આવું કરશો તો એ જાતે ચાલતાં જ નહીં શીખે. પછી ફરજો તેડી તેડીને!' ને હું ય મનોમન મમ્મીની વાત સાથે સંમત થતો. મન મક્કમ કરીને દૂર જતો. હું જ્યારે બહારગામ હતો તે દિવસોમાં જ મમ્મીએ તને સાઇકલ શીખવા જવા દીધેલી. એ વળી તારો આગ્રહ હતો. તારે સાઇકલ પર સ્કૂલે જવું હતું, ને એ પણ જાતે

ચલાવીને - બહેનપણીઓ સાથે. 'પપ્પા મને નહીં જ શીખવા દે' એવું કહીને તું એ દિવસોમાં સાઇકલ શીખી ગઈ. તારી એ કઠોર સાધનાના પ્રતીક જેવો એક ઘા તારી કોણીએ થયેલો મેં જોયો ત્યારે મને એની જાણ થયેલી.

એટલે જ મમ્મી મને આ શરૂઆતના દિવસોમાં તને મળવા ય નહીં આવવા દે ને ફોન પણ નહીં કરવા દે. વળી એમાં કૈં મોકળાશથી વાત થાય પણ નહીં. તારો ફોન આવે, તું મને 'hello' કહે ને તારો અવાજ સાંભળીને મારું મન વિચારે ચડી જાય કે તું મજામાં તો હોઈશ ને? ને આગળ વાત જ ન થાય! એટલે થયું કે એવું શું કરું કે તારી સાથે રહું, તારી પાસે રહું, આપણે વાત કરીએ... હું તારું મન કળી લઉં ને તને ઉપયોગી વાત કરું. અમસ્તું 'કેમ છે બેટા?' કહું, ને આમ છતાં નવા વાતાવરણમાં ગોઠવાવાના તારા પ્રયત્નમાં આડો ન આવું. બને તો ઉપયોગી થાઉં. એટલે આ પત્રો લખીને તને આપું છું. આ પત્રો તું ગમે ત્યારે વાંચે, તારી અનુકૂળતાએ, તારા મૂડ પ્રમાણે... એમાં પપ્પા તારી સાથે વાત કરશે. પપ્પા તારી પાસે છે, તારી સાથે છે ને છતાં તારી આડા નથી આવતા એવો અનુભવ તને થાય એટલે આ પત્રોની પોટલી તારા દાગીનાની સાથે મૂકી છે.

આ મેં કરેલો કરિયાવર છે.

# ગંધ-સુગંધ

બેટા, તારા કરિયાવરમાં મારા પત્રોની આ પોટલીમાં આપણું અંગત આલેખાયું છે અને એનો આદર જમાઈબાબુ અને અન્ય સહુ પરિવારજનો કરે જ એનો મને વિશ્વાસ છે. એ પરિવારના સભ્યો વિશેનું મારું એ અવલોકન છે ને એ ખોટું નથી જ એની મને ખાતરી છે. આ પત્રોમાં મેં કેટલીય એવી વાતો કહી છે, જે 'આ ઘરની' છે, પણ એ તારા 'પેલા ઘર'ના નિવાસમાં ઉપયોગી થાય એવી જ છે. એ કોઈ જાણે તો કાંઈ નુકસાન નથી, પણ તેમ છતાં બધું બધાને સમજાઈ જાય એવું નથી ને બધી જ વાતની સ્પષ્ટતા કરવાનું શક્ય પણ નથી. ક્યારેક ઉતાવળમાં ગેરસમજ થાય, પૂરા સંદર્ભ સ્પષ્ટ ન થાય અને અનાવશ્યક તાણ સર્જાય. પતિગૃહ અને પિતૃગૃહનાં કેટલાંક રહસ્યોનું ગૌરવ તારે જાળવવું રહ્યું. ત્યાંની કેટલીક વાતો તું અમને ન પણ કહે તો મને ખોટું ન લાગે ને એ જ રીતે અહીંની કેટલીક વાતો પણ તારે તારા મનમાં સાચવી રાખવી પડે, કેટલીક ભૂલી પણ જવી પડે.

હું જાણું છું... હૃદયને સ્પર્શેલું, ભૂલી જવું સહેલું નથી અને એને ભૂલી શકાતું પણ નથી. હૃદયના એક ખૂણે એ સચવાયેલું રહે છે અને એના અનુભવને આધારે સુગંધાય કે ગંધાય છે. આ ગંધ-સુગંધ તમારી અત્યંત નિકટ રહ્યા હોય એમને પણ ન કળાય એવું બને. એ તમારી સાથે જ રહે છે. તમારી સાથે જ જાય છે. આવી અંગતતા બધા અનુભવ બાબતે નથી હોતી. છતાં પ્રત્યેક પાસે આવું કૈંક તો હોય જ છે અને એના વશની વાત નથી હોતી.

બેટા, બાળવય કે કિશોરવયની મુગ્ધતામાં કેટલાક એવા અનુભવો હોય છે, જેની મીઠાશ અને કડવાશ તમારી અંદર ઉછરે છે અને એની અસર તમારા વર્તનમાં પ્રતિબિંબાય છે. મનોવૈજ્ઞાનિકો કહે છે કે માણસનું બીજું મન એના પોતાનાથીય અજાણ્યું આવું ઘણું બધું સંઘરતું હોય છે ને એનો જ પડઘો માણસના વર્તનમાં સંભળાય છે. જીવન જીવતાં તમામ પાસે

આવું સંઘરાયેલું કૈંક ને કૈંક હોય જ છે ને એમાં મીઠાશ ઓછી ને કડવાશ વધુ હોય છે.

તારા ઉછેરમાં મેં ખૂબ ધ્યાન રાખ્યું હોય છતાં મારાથી અજાણ્યું એવું ય ઘણું તારી પાસે સચવાયેલું હોય જ. તું સ્વસ્થ વ્યક્તિ તરીકે ઊછરે એવા મારા પ્રયત્નો વચ્ચે પણ આવું કૈંક અસ્વસ્થ કરી જનારું ઝીલાયું હોય જ. મનના સરોવરને તરંગિત કરતી કેટલીય કાંકરી પડતી જ હોય છે. એ વલયો તને અસ્થિર ન કરી દે એનું મેં ધ્યાન રાખ્યું જ છે. આવાં આંદોલન વ્યથિત કે ભયભીત કે કુંઠિત ન કરે એ વિશે મેં સતત જાગૃતિ રાખી છે ને આવી કોઈ ગૂંચ ગાંઠ બને તે પહેલાં જ ઉકેલવાના પ્રયત્ન પણ કર્યા છે. છતાં પુખ્તવયે આવી કોઈ ગ્રંથિનો પ્રતિધ્વનિ તારાં વાણી-વર્તન-વ્યવહારમાં ઝીલાય પણ ખરો અને એનાં મૂળ શોધવા પાછા પગલે લાંબી સફર કરવા છતાંય ન પકડાય એવું ય બને.

માનવમન અત્યંત સંકુલ છે, બેટા!

# જીવનસાથીની પસંદગી

બેટા, જીવનસાથીની પસંદગીનો મૂંઝવતો સમય તેં પાર કરી લીધો. એમાં આપણે સહુ એકમેકની સાથે રહ્યા. બહુ કપરો કાળ હોય છે. આ પહેલાંના સમયમાં વરકન્યાને કૈં જ પુછાતું નહીં એટલે પસંદગી પ્રશ્ન નહોતી અને નાપસંદ સાથે ય જીવી જવાની નવાઈ નહોતી. 'પડ્યું પાન નિભાવી' લેવાતું. અણગમો ને ફરિયાદ સંસારની અન્ય પ્રવૃત્તિઓમાં વાળી દેવાતાં. અપ્રિયતા વ્યક્ત કરવાનું એકાંત પણ ઓછું મળતું. સવારથી રાત સુધીનું દંપતીનું Timetable જ એવું રહેતું. એ બધું યોગ્ય હતું કે અયોગ્ય એ વિશે ચર્ચા અસ્થાને છે. હવે તો વર્તમાન સમય છે ત્યારે જીવનસાથીની પસંદગીના માનદંડ પણ બદલાયા છે. વધુ વ્યવહારુ બન્યા છે તો વધુ ઉદાર પણ બન્યા છે. પણ હજી સંપૂર્ણ પરિવર્તન આવ્યું નથી. આપણે ત્યાં લોકશાહી છે, પણ લોકોનું ધાર્યું હજી થતું નથી. પરિવારમાં પણ વડીલોનો મત મહત્ત્વ ધરાવે છે. માત્ર યુવક-યુવતીની પસંદ ચાલતી નથી. વડીલ એટલે વિરોધી એવું આત્યંતિક સમીકરણ યોગ્ય નથી. વડીલો પાસે અનુભવ છે. આ અનુભવ ઉપયોગી છે. યૌવન કહે છે કે અમારે ઉધારનો અનુભવ જોઈતો નથી. અમારે જાતે જ અનુભવ કરવો છે. વડીલ કહે છે કે ઝેરના પારખાં ન થાય. યુવાન કહે છે કે અમૃત હોવાની ય સંભાવનાનો છેદ ન ઉડાડી શકાય. રકઝક ચાલે છે. મોટા ભાગે પરિવારમાં બહુમતીની જીત થાય છે. લોકશાહીનું ય આ જ લક્ષણ છે ને! ઉમેદવારની પસંદગીમાં કેટલીક વાર ચૂંટાયેલો ઉમેદવાર પસંદગીનો ન હોય પણ ચૂંટાયા પછી એને પોતાનો નેતા માનવો પડે! એને એનો અનુભવ પણ કરાવવો પડે. ચૂંટાઈને આવેલાને પોતાને અનુકૂળ બનાવતાં ય આવડવું જોઈએ. પક્ષપલટો ય કરાવી શકાય. સત્તા પરિવર્તન પણ શક્ય છે! ઘરમાં ચૂંટણી જેવું વાતાવરણ રચાય ત્યારે તમારો વિચાર કૈંક હોય, પ્રચાર કોઈનો થાય ને જીતી જાય કોઈક, એવું ય બને. ઝિંદાબાદ ને મુર્દાબાદના નારામાં

અંતે તો ઉન્માદ જ છે ને! ઉન્માદ શમે પછી જ સંવાદ શક્ય છે. તમને જોવા આવેલાને, તમને ન ગમે તો ય રોજ જોવા પડે એવું ય બને. ગુલાલ ઊડે ત્યાં રંગાઈ રહેવામાં જ ડહાપણ છે અને આ રીતે ય 'મળ્યું છે તે માણો' કહીને જીવનને તનાવમુક્ત રાખનારાં ય છે.

જીવનસાથીની પસંદગીના કોઈ સો ટકા સિદ્ધ માપદંડ નથી. અનુભવો, અપવાદોને ધ્યાનમાં રખાય છે ને ધોરણ નક્કી થાય છે. ગ્રહોને કુંડળીઓનો મેળ અને મનમેળ બંને બાબતો વિચારમાં લેવાય છે. બધું જ જોઈ-ચકાસીને કરવા છતાં ય નિષ્ફળ જવાય છે ને લાંબી પીંજણ વગર પરણી ગયાં હોય એ પ્રસન્ન રહે એવું ય બનતું જોવાય છે. એટલે જ આપણે પશ્ચિમની વિચારધારાનો આશરો લીધોઃ Marriages are made in heaven. લગ્ન સ્વર્ગમાં નક્કી થાય છે, પણ એની વાસ્તવિકતા એ છે કે એને જીવવાના હોય છે ધરતી પર અને સ્વર્ગ અને ધરતીના પર્યાવરણમાં ફેર હોવાનું લાગે છે!

# લગ્ન-મગ્ન-યજ્ઞ

બેટા, 'લગ્ન' શબ્દનો પ્રાસ 'મગ્ન' સાથે મળે છે. આ માત્ર શબ્દનો પ્રાસ નથી. એમાં રહેલી અપેક્ષાનો ય પ્રાસ છે. જે પરસ્પર મગ્ન છે એ જ સાચા અર્થમાં સંલગ્ન છે. લગ્ન થવા એનો અર્થ એકમેકમાં મગ્ન થવું, પણ આમ માત્ર મગ્ન થઈને રહી જવું પૂરતું નથી. ત્રીજો શબ્દ છે - યજ્ઞ. બંનેએ એકમેકમાં મગ્ન થઈને દાંપત્યજીવનને યજ્ઞ સમું પવિત્ર બનાવવાનું છે. યજ્ઞકુંડની જ્વાળાઓ ઉપર તરફ જાય છે. દાંપત્ય પણ ઊર્ધ્વગામી હોવું જોઈએ.

લગ્નની વિધિ પાછળનો આ ભાવ ગોરમહારાજના શ્લોકમાં સચવાયો હોય છે, પણ એ સાંભળવાની ને સમજવાની તૈયારી હવે રહી નથી. લગ્ન સમારંભમાં, અન્ય કાર્યક્રમો પાછળ ખર્ચાય છે એથી ચોથા ભાગનો સમય પણ લગ્નવિધિ પાછળ માંડ અપાય છે. એ બાબતે સહુને ઉતાવળ હોય છે. ગોરજીને સૂચના અપાય છે, ઇશારો ય કરાય છે કે ઝટ પતાવો! કેટલાકને તો યજ્ઞનો ધુમાડો પરેશાન કરે છે, કોઈકને પરસેવો પરેશાન કરે છે ને પરિણામે મહારાજ પણ ગાડું ગબડાવી દે છે... આમ પણ શ્લોક સંસ્કૃતમાં છે. કોણ સમજવાનું છે? ને કોને સમજવું ય છે! જમીનનો એક નાનકડો પ્લોટ ખરીદતા પહેલાં નિષ્ણાત વકીલની સલાહ લેવાય છે. બરાબર ખાતરી કરાય છે. શક્ય એટલી તમામ ચોક્સાઈ કરાય છે, પણ લગ્ન બાબતે સપ્તપદીના શ્લોકની શરતો સમજવાનો વર-કન્યાને ય સમય નથી કે જેને આધારે દાંપત્યજીવન જિવાય છે. કદાચ હવે એને આધારે જીવાતું નથી એટલે જાણવાની જરૂર પણ જણાતી નથી. છૂટાછેડા અપાવવાની ખાતરી આપનારા વકીલો ગાડીમાં ફરે છે ને પરણાવનારા ગોરબાપા સ્કૂટર સુધી માંડ પહોંચ્યા છે એ બહુ સૂચક છે. એમાં આપણા સમાજનું પ્રતિબિંબ મળે છે. રસપ્રદ વાત એ છે કે છૂટાછેડાનાં કારણોને તપાસો તો જીવનસાથી બનવા માટેનાં કારણો પણ એ જ હોય છે. એક સમયે જે વાત

કાળજી ગણાતી હતી એ જ પછી કચકચ લાગે છે. એક વખત જે વાત સ્નેહ ગણાતી હતી એમાં જ પછી શંકાની ગંધ આવે છે.

સપ્તપદીની સાતમી પ્રતિજ્ઞા કહે છેઃ સકા સપ્તપદી ભવ. સાત પગલાં સાથે ચાલીને આપણે મિત્ર થયા. બેટા, આપણી પ્રાચીન પરંપરામાં દાંપત્યની સરખામણી મૈત્રી સાથે થઈ છે. 'નાથ' કે 'ધણી' જેવો માલિકીભાવ આપણી સંસ્કૃતિમાં નથી. જે નાથે તે નાથ ને નાથવા માટે જે પહેરાવાય તે નથ. આપણે ત્યાં કાળાંતરે પેઠેલી વિકૃતિએ સ્ત્રીને નાથવા યોગ્ય ગણાવીને આ હીનતાને 'નથણી' નામે શણગાર રૂપે સ્ત્રીને પહેરાવી! પણ આ ભાવ આપણી સંસ્કારિતાની વિરુદ્ધનો છે. એમાં તો પતિ-પત્ની વચ્ચે સખ્યનો, મૈત્રીનો ભાવ કલ્પ્યો છે. મૈત્રીનો અર્થ જ સ્વીકાર. જેવું છે તેવો સ્વીકાર. સુખ કે દુઃખમાં પ્રેમીને બોલાવવા પડે. મિત્ર તો પડખે હાજર જ હોય. પ્રેમ કરતાં ય વધુ મહિમાવંત ગણાય છે મૈત્રી. દાંપત્યનો પ્રાણવાયુ છે મૈત્રી.

આપણે આપણી પરંપરાનો સમજ્યા વગર જ છેદ ઉડાડવા માંડ્યા છીએ. આધુનિકતાનો દમ ભરનારા સહુએ સપ્તપદીની આ સાતમી પ્રતિજ્ઞા જાણવી જોઈએ. દાંપત્યમાં મૈત્રીભાવ એ પશ્ચિમની નહીં, પૂર્વની સભ્યતાની ભેટ છે. અરે! આપણાં કુરિવાજનું ય સમજણભર્યું અર્થઘટન જાણવા જેવું છે. પરણેલી સ્ત્રીએ જ લાજ કાઢવી પડતી, ઘૂંઘટ ઓઢવો પડતો. એનો સખત વિરોધ થયો ને હવે તો એને ઘણા પરિવારોમાંથી જાકારો પણ મળી ચૂક્યો છે, પણ માથે ઓઢેલી સાડીનો છેડો સરકી ન જાય એ માટે એને બે હાથે મૂઠીમાં રાખી, મૂઠી છાતીસરસી રાખીને ઊભેલી નવી વહુની એક મૂઠીમાં એના પિતના ઘરની પ્રતિષ્ઠા છે ને બીજીમાં પતિના ઘરની! એ બાંધી મૂઠી એ રીતે બહુ સૂચક છે!

તેં લગ્નવિધિ સંપૂર્ણપણે શાસ્ત્રોક્ત રીતે કરવી એવો આગ્રહ રાખ્યો એથી ગોરબાપા પણ રાજી થયેલા. એટલે જ એ શ્લોકનો અર્થ પણ સમજાવતા હતા. પુત્રીને પરણાવવા બેઠેલાં માતા-પિતાનો મહિમા કરતાં એમણે કહેલું કે કન્યાદાન એ કોઈ સ્થૂળ વિધિ નથી. આપનાર દયામણો, લાચાર કે વિવિશ નથી. એ

તો આપે છે. એ સમૃદ્ધ છે. જે લે છે, જે સ્વીકારે છે એ ધન્ય છે. તને યાદ છે, જમાઈબાબુએ તને કંસારનો કોળિયો પહેલા જમાડેલો! પછી તારા હાથે જમેલા! આ વિધિ પણ પત્ની માટેના પ્રેમ અને જવાબદારીની દ્યોતક છે.

# દાંપત્ય પથ પર પગલું ભરતાં...

બેટા, આપણી પરંપરાએ સોળ સંસ્કાર ગણાવ્યા છે. એમાં લગ્ન પણ એક સંસ્કાર કહેવાય છે. સંસ્કાર વિધિવત્ સંસ્કૃત બનાવે છે. એ degree છે. ગૃહસ્થ જ્યાં, જેમાં સ્થિર થાય તે ગૃહસ્થાશ્રમ કહેવાય છે. અહીં 'આશ્રમ'ની શિસ્ત છે. આશ્રમની પ્રકૃતિપરાયણતા છે. આશ્રમની પવિત્રતા છે. આશ્રમનો શ્રમ પણ છે. આર્કિટેક્ટ કે ઇન્ટિરિયર ડિઝાઇનર તમારા મકાનને તૈયાર કરે, આકર્ષક બનાવે, પણ એને 'ઘર' તમારે બનાવવાનું છે. 'ઘર'માં હોવું એટલે સહજ હોવું. પ્રવેશ પહેલાં પગરખાની સાથોસાથ મહોરું ય બહાર ઉતારીને આવવું ઘટે. દંભ વગર, દંશ વગર.

ઘરમાં ને ઑફિસમાં એક રસપ્રદ ફેર છે. ઑફિસમાં ઇચ્છા થાય ત્યારે ચા માટે પટાવાળાને કહી શકાય છે ને પટાવાળા પાસે ના પાડવાનું સ્વાતંત્ર્ય છે. ઘેર એ શક્ય નથી. અહીં પત્ની અને પતિ બંનેએ 'હા' કહીને ન કરાવાનું કૌશલ કેળવવું પડે છે. મોરના ટહુકા સાંભળીને રાજી થનારને એ ખબર નથી પડતી કે એ ટહુકો છે કે ઠપકો. અરસપરસના સંવાદ-વિવાદને આવું સ્વરૂપ આપનારના પડોશીએ ટહુકાની જ ટેવ પાડવી જ પડે.

દાંપત્યને સમૃદ્ધ બનાવવું હોય તો એકમેક આગળ ઊઘડવું. કબાટનાં બારણાં ખૂલે પછી જ ખબર પડે કે કોની પાસે શું છે ને કેટલું છે... ને શું ને કેટલું નથી. એકમેકની પાસે જે સચવાયું હોય એની જાણ હોય તો આપ-લે શક્ય બને. ઘણી વાર તો એકને જે જોઈતું હોય એ અન્યની પાસે ભરપૂર હોય, પણ તિજોરીનાં તાળાં ખૂલે નહીં. પરિણામે ભર્યા માટલાના પાણિયારે તરસ્યા જિવાય છે.

દાંપત્ય એ સામસામે નહીં, પાસપાસે, સાથેસંગાથે ઉજવાય છે. એ વ્યવસ્થા નહીં, અવસ્થા છે. દાંપત્યની નિષ્ફળતાનાં મૂળ ધીમે ધીમે ઊંડાં જાય છે, પણ નંખાય છે તો એના

અણસમજુ આરંભથી. એકમેકની બરોબરી કરાવના હઠાગ્રહમાં કેવળ ઊર્જાવ્યય થાય છે. પુરુષ રાંધતા ન શીખે પણ સ્ત્રીની માતૃશક્તિનો મહિમા કરે, સ્ત્રી કરાટે ન ય જાણે, પણ પુરુષ સંરક્ષક તરીકેની ભૂમિકા સુપેરે નિભાવે તો ય હેતુ તો સરે જ છે. દાંપત્ય એ શિક્ષા કે પરીક્ષા નથી, દીક્ષા છે. દીક્ષા પાત્રતા પ્રાપ્ત કરો પછી જ મળે. આ પાત્રતા એટલે અહંકાર અને અધિકાર ભાવને ઓગાળવામાં સફળતા. સહજ થઈને સ્વીકારતાં આવડે, અન્યના વ્યક્તિત્વ અને અસ્તિત્વનો આદર કરતાં આવડે ત્યારે દંપતી થવાય.

કોડિયું ને વાટ બંને સાવ જુદા છે. એક માટીનું બન્યું છે તો એક રૂની બની છે. બંનેને ભીના રાખે છે તેલ. સ્નિગ્ધતાના મૂળમાં સ્નેહ છે. એના કારણે રેલાય છે પ્રકાશ. આ અજવાળું ઓછું થાય ત્યારે સમજવું કે સ્નિગ્ધતા ઘટી છે. અનુકૂલન ઓછું થાય એટલે સમસ્યા સર્જાય. અનુકૂલન સાધવા માટે ઓળખ ગુમાવવી ય જરૂરી નથી. પડછાયાને આકાર હોય છે, ઓળખ નથી હોતી. પતિ-પત્નીએ બિંબ જેવું જ લાગતું પ્રતિબિંબ પણ નથી બની રહેવાનું. એક જ લાગવા છતાં એ અસલ નથી. બે વ્યક્તિઓ પરસ્પર વ્યક્તિત્વનો આદર કરે એ જ સાચું અદ્વૈત છે. સ્વાર્થ બોલે ત્યારે સ્નેહ મૌન થઈ જાય છે ને પછી સમયસર સત્ય વ્યક્ત પણ કરે છે. માત્ર સાંભળવું ગમે એવું જ નહીં, સાંભળવું જરૂરી હોય તેવું પણ સંવાદ બનવું જોઈએ. રેશમી દોરથી ગાંઠ પણ એટલી જ મજબૂત પડી જાય છે. પછી ઉકેલવામાં ઘણો સમય જાય છે. અહમ્‌નો વારસો મેળવવો કે વારસામાં અહમ્ આવી જવો, બંને અયોગ્ય છે.

ઘરના દરવાજે એક તાળું હોય ને એની એક જ ચાવી હોય તો જેની પાસે ચાવી ન હોય એ વહેલા પહોંચે તો બીજાની રાહ જોવી પડે. રાહ જોવામાં પ્રેમ છે, પણ એ સંજોગો પર પણ આધાર રાખે છે. ચાવી ભલેને બે હોય, ઘરમાં પ્રવેશીને ય બહાર હોય એની રાહ જોઈ શકાય ને!

## ઘોષ-પ્રતિઘોષ

આ વાતો વર્ષોના દાંપત્ય પછી પણ ઉપયોગી થાય એવી છે. હું એને ચાવીના ઝૂડા રૂપે જોઉં છું. જુદા જુદા ઓરડે લાગેલા તાળાને ખોલવાની આ ચાવીઓ છે. એક તાળાને ખોલવાની બે ચાવી પણ હોય, પણ મને જે મળી તે લઈને હું આવ્યો છું. તાળું તમારું હોય તો ચાવી ય તમારી હોવી જોઈએ અને આ બધી જ ચાવી છે તો તમારી જ પાસે. હું તો માત્ર એને આ ઝૂડામાં એકત્ર કરીને આપવા આવ્યો છું. આ ઝૂડો કેડે ભાર બને એવો નથી. પરસ્પરના પ્રેમસભર સાંનિધ્ય બદલ આભાર બની રહે એવો છે. તાળું ખોલવું હોય ત્યારે તાળાને ય જાણવું પડે ને એને અનુરૂપ ચાવીને ય ઓળખવી પડે. નહીં તો ચાવી તમારી પાસે જ હોય ને છતાં તાળું ન ખૂલે એવું બને, પણ યાદ રહે! એક પણ તાળું એવું નથી જેની ચાવી ન હોય. તાળાનું સાર્થક્ય જ ચાવી છે. તાળું-ચાવી પણ એક યુગ્મ છે. એક સાથે જ શોભે છે.

નવવધૂ જ્યારે પતિગૃહે આવે છે ત્યારે અજાણ વાતાવરણનો ભય એને અસલામતીનો અનુભવ કરાવે છે. આ અસલામતીનો ભાવ દૂર થાય એ માટે પતિ અને શ્વસુરગૃહનાં પરિવારજનોએ બહુ જ સ્નેહપૂર્વક સક્રિય થવું ઘટે. નહીં તો આ ભય ઘર કરી જાય અને એની સામે આત્મરક્ષણની ઇચ્છા જાગે. આ ઇચ્છા વ્યક્તિને સતત સાશંક રાખે, અજંપ રાખે. એને કોઈ પર વિશ્વાસ ન બેસે. બધા પોતાના વિરોધી છે એવી ગ્રંથિ બંધાય. આથી અજ્ઞાતને કારણે સર્જાતી અસલામતીનો ડર દૂર કરવો જરૂરી બને છે. એની સાદી રીત એટલી જ છે કે આ અજ્ઞાતને જ્ઞાતમાં ફેરવો. જે અજાણ્યું છે એ જાણીતું લાગે એવું કરો. અપરિચિતતાનો ભય દૂર કરવા માટે પરિચય જ એકમાત્ર માર્ગ છે. એક વાર પરિચય બંધાશે પછી બધું પોતાનું લાગશે. બધાં પોતાના લાગશે. આ આરંભનો ગાળો બહુ જ મહત્ત્વનો છે. ચાલતા શીખતું બાળક જલદી આંગળી છોડતું નથી. એ જ રીતે નવવધૂની આંગળી પકડવાની છે ને એ જવાબદારી સહુની છે

અને પતિની સવિશેષ. કારણ કે એક એના વિશ્વાસે જ એ આ અપરિચિતતાને અપનાવવા આવી છે! એના આ પ્રયત્નમાં પતિનો સથવારો તો સૌથી અગત્યનો. આરભનાં દિવસોમાં એકલા પડી જવાનો, એકલતાનો ડર હોય છે ને પ્રિયજન સાથેના એકાંતનો રોમાંચ. આવા સમયે પત્નીની નિકટ રહેવું એ 'વહુઘેલા' બનવું નથી. સતતનું સાન્નિધ્ય સધિયારો બને છે. વિશ્વાસને દૃઢ કરે છે. સતતનો સાથ દુઃખદાયી બને, જો એના મૂળમાં શંકા હોય, સતતનો સાથ સુખદાયી બને છે, જો એના મૂળમાં સાન્નિધ્યની ઝંખના હોય. આધાર શોધતી આંખને સાથ આપતા હાથ મળી જાય તો એ મજબૂત બને છે.

-પ્રેમને પ્રમાણભાન નથી હોતું. પ્રેમ અપ્રમાણ કે સપ્રમાણની ગણતરીમાં નથી થતો, પણ દાંપત્ય તો વાસ્તવની ધરા પર જ રચાય છે અને એટલે જ એમાં વ્યવહારની ગણતરી મહત્ત્વની બને છે. પ્રેમ આકાશમાં ઊડે છે. દાંપત્ય ધરતી પર જિવાય છે.

- આપણે મકાન બાંધતા પહેલાં જમીનમાં પાયો ખોદીએ છીએ. બાંધતા પહેલાં ખોદવાનો હેતુ છે જમીનના ભૂતકાળને જાણવાનો. એની ક્ષમતા તપાસવાનો. ત્યાર બાદ જ ઇમારત આકાર લે છે. દાંપત્યની ઇમારત પણ પાકી ચકાસણી માગે છે.

- તરસને જળ અને મૃગજળ બંનેનો અનુભવ થાય. મૃગજળ માત્ર હતાશ નથી કરતું, જળ સુધી પહોંચવાનો સધિયારો પણ આપે છે. જળ સુધી પહોંચવા ટકાવી રાખે છે. ટકાવી રાખવાનું કામ ભ્રમણા પણ કરે ને વિશ્વાસ પણ. 'વહાણ વિશ્વાસે ચાલે છે' એવું કહીએ છીએ ત્યારે આ વિશ્વાસ નાવિકનો નાવ પર, પોતાના કૌશલ પર અને દરિયાની કૃપા પર હોય છે. દરિયા પર હોય એ વિશ્વાસ જાત પર હોય એ આત્મવિશ્વાસ અને પાર ઉતારનાર ઈશ્વર પર હોય એ શ્રદ્ધા. આ ત્રણે હોય તો મંઝિલ મળે.

- વહાલ, વિશ્વાસ, પ્રેમ, શ્રદ્ધા આ શબ્દો અનુભવનો આધાર માગે છે. દાંપત્યને નક્કર ધરા પર આનંદવા માટે, અમૂર્તને બદલે મૂર્તરૂપે વાતને જાણવી હોય તો કહેવું ઘટે કે દાંપત્ય માટે

સમજણ જોઈએ. એ એનો વાસ્તવિક આધાર છે. પ્રેમ એટલે માત્ર એકમેકની આંખોમાં જોવું. દાંપત્ય એટલે સાથે મળીને એક દિશામાં જોવું. પ્રેમ તહેવાર છે તો સમજણ વહેવાર છે ને બંનેના સથવારે જિવાય તે સંસાર છે અને સંસાર એટલે માત્ર હૂતો-હૂતી નહીં, સમગ્ર પરિવાર.

લગ્ન માટેના સાથીની પસંદગી વખતે નામ જેટલું સરનામું ય મહત્ત્વનું છે. પિનકોડ પણ પુછાય છે. કયા વિસ્તારમા રહો છો એ પણ સ્ટેટસ નક્કી કરે છે. સંયુક્ત કુટુંબ કે વિભક્ત કુટુંબ એની સ્પષ્ટતા મેરેજ બ્યૂરોના ફોર્મમાં થાય છે.

ચશ્માં છે? મંગળ છે? જેવા સવાલોને સ્થાને ઘરમાં garbage bins છે? એવો સવાલ પરદેશમાં પુછાય છે. garbage bins એટલે કચરાના ડબા. એટલે કે માતાપિતા, સાસુ-સસરા સાથે છે કે વર્ષમાં કેટલી વાર આવે છે એ પણ પુછાય છે. એના કારણમાં બંને પેઢી વચ્ચે વધેલું અંતર છે. વડીલોને યૌવન પર વિશ્વાસ નથી. યૌવનને વડીલો માટે આદર નથી. યુવાનને વડીલો બંધનરૂપ લાગે છે. વડીલોને યુવાનોનું વર્તન લાંછનરૂપ લાગે છે. વિરોધ છે એટલે વાંધા પડવાનાં કારણો સામેથી મળે છે. બંનેને અનુકૂળ પ્રતિભાવ જોઈએ છે, પણ સાનુકૂળ સ્વભાવ નથી.

ડુંગરાની ધારેથી સાદ પાડીને પડઘો સાંભળવાનું કોઈ પણ ઉંમરે ગમે છે. આ પડઘો ન પડવાનાં બે વૈજ્ઞાનિક કારણો છે ને એ જ કારણો વહેવારિક પણ છે. પડઘો નથી પડતો ત્યાં કેટલીક વાર અંતર બહુ વધારે હોય છે. આને કારણે સાદ સામે સુધી પહોંચતો જ નથી તો ક્યારેક વધુ પડતી નિકટતા ય સાંભળવા-સમજવામાં અવરોધરૂપ બને છે. અવાજ ઘોંઘાટ બની જાય છે. એક કારણ એ પણ હોઈ શકે છે કે સાદ દેનારના સ્વરમાં જ શક્તિ ન હોય! આ કારણોસર ઘોષનો પ્રતિઘોષ નથી મળતો, જેવું પહાડોમાં, એવું જ સંબંધોમાં!